# BUSINESS મિત્ર

# શેરબજારમાં બે સપ્તાહના સુધારાને બ્રેક વાગી

**સાપ્તાહિક** ધોરણે સેન્સેક્સ 2 ટકા અને નિફ્ટી 2.35 ટકા ઘટયા

**આગામી** સપ્તાહમાં અથડાતું રહેશે

**નિફ્ટી** મિડકેપ ઇન્ડેક્સમાં છ ટકાનો કડાકો, ઓક્ટોબર 2024 પછીનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 24:** ભારતીય શેરબજારમાં વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ અને ક્રુડ ઓઇલના ઉછળતા ભાવોના પગલે ભારે વેચવાલી જોવા મળી હતી. રોકાણકારોની ધીરજ ખુટી જતા બ્રોડર માર્કેટમાં ચોતરફી વેચવાલીનું દબાણ જોવાયું હતું, જેના પગલે નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ ઓક્ટોબર 2024 પછીનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો થયો હતો.

આવનારા સમયમાં ભારતીય શેરબજારમાં સારા કોઈ સંકેત દેખાતા નથી. ભૌગોલિક રાજકીય તણાવ વધતો જાય છે અને અમેરિકા તથા ઇઝરાયલમાં મધ્યસત્ર ચુંટણીના લીધે શાંત છે, પણ ચુંટણી બાદ ફરીથી સક્રિય થશે અને ઈરાન પર હુમલા કરવાની શક્યતાઓ વધી જાય છે. જેના લીધે શેરબજારમાં સેન્ટિમેન્ટ નબળું દેખાઇ રહ્યું છે. એક બાજુ ક્રુડ ઓઇલના ભાવ 114 ડોલરની પાર નીકળી ગયા છે, તેનાથી ભારત ઉપર આર્થિક બોજો વધતો જઇ રહ્યો છે, તેનાથી ચિંતિત સરકાર પાસે પેટ્રોલ-ડિઝલના ભાવ વધારા કરવા સિવાયનો કોઇ વિકલ્પ રહ્યો નથી.

આનાથી મોંઘવારી દરને કાબૂમાં લઇ શકાય તેવી કોઇ સંભાવના દેખાતી નથી, ત્યારે આવનારી રિઝર્વ બેન્કની મોનીટરીંગ બેઠકમાં વ્યાજ દરમાં વધારો થશે, તે હાલના તબક્કે નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે. આમ, હજુય શેરબજારનો સારો માહોલ નથી, તેથી દરેક ઉછાળે વેચવાલી ચાલુ રહેવાની પુરેપુરી સંભાવના છે. નિફ્ટી 22500 પોઈન્ટની સપાટી તોડશે તો વધુ ઘટીને 22000 તરફ આગેકૂચ કરી શકે તેમ છે. જ્યારે ઉપરમાં 22800થી 23000 વચ્ચે નફાવસુલીનું દબાણ જોવા મળી રહ્યું છે. વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 2 ટકા અને નિફ્ટી 2.35 ટકા ઘટ્યો હતો, જે બે સપ્તાહના સુધારાને બ્રેક વાગી હતી. જોકે, આ સપ્તાહમાં સૌથી મોટો કડાકો મિડકેપ શેરોમાં જોવા મળ્યો હતો. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 6 ટકા ઘટ્યો હતો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ 7 ટકાથી વધુનો ઘટાડો દર્શાવે છે, જે ફેબ્રુઆરી 2025 પછીનો સૌથી તીવ્ર સાપ્તાહિક ઘટાડો છે.

સેકટર વાઇઝ જોઈએ તો આઈટી શેરોમાં મજબૂતાઇ જોવા મળી હતી. આની પાછળનું મુખ્ય કારણ એઆઇના ખર્ચ અને વળતર સામે રોકાણકારોની ચિંતા જોવાઇ રહી છે, જેની પોઝિટિવ અસર આઇટી શેરોમાં જવા મળી હતી. આ સિવાયના તમામ સેકટરો નબળા રહ્યા હતા. મેટલ, રિયલ્ટી, એનર્જી સેકટરોમાં સૌથી વધુ નબળું પ્રદર્શન જોવાયું છે.

મિડકેપ અને સ્મોલકેપ શેરોના કડાકા-ભડાકા થઇ રહ્યા છે, નવા રોકાણથી રોકાણકારો દુર થઇ રહ્યા છે, તેને જોતાં આવનારા સમયમાં ગુણવત્તાયુક્ત અને ઉત્તમ લાર્જકેપ શેરોને ટુકડે ટુકડે ખરીદવું હિતાવહ છે, પણ તે લાંબાગાળા માટે હોવા જોઈએ.

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-30 | ૫૬૦૦ |
| એસ-30 | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૫૦૦ |
| એસ-30 | ૫૪૦૦ |

# GST કાઉન્સિલની છેલ્લી મિટીંગની પોઝિટિવ અને આવકારદાયક ભલામણો

**કાયદાની કેડીએ...**

**ઈશ્વર રૂદલાલ**

GSTની કાયદા અને નિયમોમાં સુધારાઓ કરવા માટે કાઉન્સિલની ભલામણો આવશ્યક છે. સંદર્ભમાં તા. 8-10-26ના રોજ ન્યુ દિલ્હી ખાતે યોજાયેલી GST કાઉન્સિલની 57મી મિટીંગમાં કરાયેલી ભલામણો ખૂબ પોઝિટિવ અને આવકારદાયક છે, જે તરફ એક નજર નાંખીએ તો...

**(1) રજીસ્ટ્રેશનની સરળ પ્રક્રિયા**

GST રજીસ્ટ્રેશન માટે જરૂરી દસ્તાવેજો અને માહિતી અંગે સ્પષ્ટ સરકયુલર બહાર પાડવામાં આવશે. રજીસ્ટ્રેશન માટે પોર્ટલ પર સરળ સુવિધાઓ અપાશે. રજીસ્ટ્રેશનની વિગતોમાં ફેરફારોની અધિકારીની દરમ્યાનગીરી વગર, ઓટોમેટીક પધ્ધતિથી મંજૂરી આપવા માટે ભલામણ કરવામાં આવી છે. ઈ-કોમર્સ પ્લેટફોર્મ મારફતે અન્ય રાજ્યોમાં માલ વેચતા નાના વેપારીઓ માટે સરળ રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરવાનું સૂચવાયું છે. તો રજીસ્ટ્રેશન રદ કરાવવાની પ્રક્રિયા પણ સરળ બનાવવાની ભલામણ છે.

**(2) વધુ ITC મળવાપાત્ર...**

નીચેના માલ અને સેવાઓને લગતી ITC જે હાલમાં કલમ 17(5) હેઠળ મળવાપાત્ર નથી તે સુધાર આપવા માટે ભલામણ કરવામાં આવી છે.

આઉટડોર કેટરીંગ, આરોગ્ય અન લાઈફ ઈન્યુરન્સ, સમય મર્યાદા પૂરી થતા કાયદા મુજબ નાશ કરવામાં આવેલી ચીજવસ્તુઓ, ફ્રી સેમ્પલ તરીકે વિતરણ થયેલ માલ, ટેલી કોમ્યુનીકેશન ટાવર, ફેકટરીની બહાર નાંખવામાં આવેલ પાઈપલાઈન તો ઝીરો રેટેડ પ્લાય અને ઈન્વર્ટેડ ડયુટી સ્ટ્રકચરના કેસોમાં ઈન્પૂટ સર્વિસીસ તેમજ કેપીટલ ગુડઝની ITCનું કેટલીક શરતોને આધિન રીફન્ડની ભલામણ કરવામાં આવી છે તો ઈલેકટ્રોનીક લેજર સંબંધિત રિફન્ડ માટે ઓટોમેટીક પ્રક્રિયા વિકસાવવા ભલામણ કરવામાં આવી છે. તો ઝીરો રેટેડ અને ઈન્વર્ટેડ ડયુટી સ્ટ્રકચરના રિફન્ડના દાવાના 90 ટકા રકમનું પ્રોવીઝનલ રિફન્ડ સીસ્ટમ દ્વારા અધિકારીની દરમ્યાનગીરી વગર ચૂકવવા પધ્ધતિ અપનાવવાનું સૂચન કરવામાં આવ્યું છે.

**(3) નાની રકમના વિવાદો...**

કલમ 73, 74 અને 74A હેઠળના રૂ. 10 હજારથી ઓછી કર રકમના કિસ્સામાં લીટીગેશન ઘટાડવા, કારણદર્શક નોટિસ ન બજાવવા ભલામણ કરવામાં આવી છે. તો અગાઉની આવી નાની રકમ અંગેની નોટિસો અને અપીલોને પણ શરતોને આધિન આ રાહત આપવા ભલામણ કરવામાં આવી છે.

**(4) ભેટ ફીમાં અગત્યની રાહત**

અગાઉના નાંણાકિય વર્ષમાં રૂ.5 કરોડનું ટર્નઓવર ધરાવતા કરદાતાઓને નિર્ધારીત સમય મર્યાદામાં વિલંબીત રિટર્ન ભરવામાં આવે તો લેઈટ ફી માફ કરવાની અગત્યની ભલામણ કરવામાં આવી છે. તો આવા કરદાતાઓ જો સંપૂર્ણપણે બિન નોંધાયેલી વ્યકિતઓને સપ્લાય કરતા B2C ધંધો કતા કરદાતાઓ માટે વાર્ષિક રિટર્ન અને ત્રિમાસીક પત્રકોની યોજનાને મંજૂરી આપવામાં આવી છે.

**(5) દંડમાં રાહત...**

કલમ 125 હેઠળ મહત્તમ સામાન્ય દંડ રૂા.25 હાજરથી ઘટાડી રૂા.10 હજાર કરવાની ભલામણ છે. બિનછેતરપિંડીના કેસમાં ન્યુનતમ રૂ.10 હજાર દંડની જોગવાઇ રદ કરવા માટેની ભલામણ છે.

**(6) ધરપકડની સત્તા દૂર કરવાની જોગવાઇ...**

GST કાયદાની કલમ 69 દૂર કરીને ધરપકડ કરવાની અધિકારીને સત્તા પાછી ખેંચવાની ભલામણ કરવામાં આવી છે. એ સુવિદિત છે કે કાયદાની શરૂઆતથી આ કલમ હેઠળની સત્તાનો દુરઉપયોગ કરીને મોટો ભસ્ટ્રાચાર થતો હતો, જે બદી હવે ટળી જશે. આ સાથે જ ફોજદારી કાર્યવાહી માટી નાણાંકિય મર્યાદા રૂા.એક કરોડથી વધારી રૂા.5 કરોડ કરવાની ભલામણ કરવામાં આવી છે.

**(7) માલ હેરફેર....**

જે રાજ્યોમાંથી માલની હેરફર શરૂ થતી હોય અને જે રાજ્યમાં માલ પહોંચાડવાન હોય તે બે રાજ્યો સિવાય અન્ય કોઈ રાજ્યોમાં વાહનને રોકી શકાશે નહીં. તો વેપારીઓને એક મોટી રાહત આપતી ભલામણ કરવામાં આવેલ છે કે માર્ગસ્ય માલ કે વાહનને જપ્ત કરવાની કલમ 130ની જોગવાઇ લાગુ પાડવામાં નહીં આવે.

# 4 સરકારી બેંકોમાં કેન્દ્ર સરકાર હિસ્સો ઘટાડીને 75% કરશે

**સેન્ટ્રલ** બેંક, UCO, IOB અને પંજાબ એન્ડ સિંધ બેંક પર મોટો નિર્ણય; ખાનગીકરણ અને એકીકરણ વચ્ચે 25% જાહેર શેરહોલ્ડિંગનો નિયમ પાળવાની તૈયારી

મુંબઈ, તા, 24:જાહેર ક્ષેત્રની બેંકો માટે નિર્ધારિત લઘુત્તમ જાહેર શેરહોલ્ડિંગની જરૂરિયાતોને પૂર્ણ કરવાના હેતુથી, કેન્દ્ર સરકાર ચાર જાહેર ક્ષેત્રની બેંકોમાં પોતાનો હિસ્સો ઘટાડીને 75 ટકા કરવા અંગે વિચારણા કરી રહી છે. જેમાં, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, યુકો બેંક, ઈન્ડિયન ઓવરસીઝ બેંક અને પંજાબ એન્ડ સિંધ બેંકનો સમાવેશ થાય છે. સરકાર બેંકિંગ ક્ષેત્રમાં વધુ એકીકરણ અને સંભવિત ખાનગીકરણ લાવવા અંગે પણ વિચાર કરી રહી છે, તેવા સમયે આ પગલું લેવામાં આવી રહ્યું છે.

સપ્ટેમ્બર 2026 સુધીની સ્થિતિ મુજબ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં સરકારનો હિસ્સો 81.19 ટકા હતો, જ્યારે યુકો બેંકમાં 90.95 ટકા હતો. ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાં સરકારનો હિસ્સો 75 ટકાથી વધુ અને પંજાબ એન્ડ સિંધ બેંકમાં 93.85 ટકા હતો. હિસ્સામાં સૂચિત ઘટાડો એ 'ન્યૂનતમ જાહેર શેરહોલ્ડિંગ'ના નિયમો સાથે જોડાયેલો છે. આ નિયમો મુજબ, શેરબજારમાં સૂચિબદ્ધ કંપનીઓમાં જાહેર શેરધારકો પાસે ઓછામાં ઓછા 25 ટકા શેર હોવા આવશ્યક છે. સરકારે અગાઉ જાહેર ક્ષેત્રના સાહસો (જેમાં નાણાકીય સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે)ને 1 ઓગસ્ટ, 2026 સુધી આ નિયમોમાંથી મુક્તિ આપી હતી. હવે આ મુક્તિની સમયમર્યાદા લંબાવવા અંગે વિચારણા ચાલી રહી હોવાના અહેવાલ છે.

બજારની સ્થિતિ અને દરેક બેંકની મૂડીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, સરકાર 'ઓફર-ફોર-સેલ' (OFS) અથવા 'ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ પ્લેસમેન્ટ' (QIP) દ્વારા પોતાનો હિસ્સો ઘટાડી શકે છે. OFS દ્વારા સરકાર તેના હાલના શેર વેચી શકે છે, જ્યારે QIP માં પાત્ર સંસ્થાકીય રોકાણકારોને નવા ઈક્વિટી શેર જારી કરવામાં આવે છે. OFS થી વિપરીત, QIP દ્વારા બેંક માટે વધારાની મૂડી એકત્ર કરી શકાય છે, પરંતુ તેની સાથે સરકારની માલિકીનું પ્રમાણ (હિસ્સો) ઘટે છે. તાજેતરના અહેવાલ બાદ યુકો બેંક અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના શેર ચર્ચામાં છે. અહેવાલ આવતા પહેલા બેંકિંગ શેરોમાં જોવા મળેલી નબળાઈ વચ્ચે, 23 ઓક્ટોબરે યુકો બેંકના શેર 4.07 ટકાના ઘટાડા સાથે રૂ. 21.63 પર બંધ થયા હતા. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાએ અગાઉના OFS (ઓફર ફોર સેલ) દ્વારા સરકારનો હિસ્સો પહેલેથી જ ઘટાડ્યો છે. નાણાકીય વર્ષ 2027 (FY27) દરમિયાન, સરકારે 8.08 ટકા હિસ્સો વેચીને આશરે 2,266 કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૫૫૮૦ |
| તેજાબી સોનું | ૧૪૫૪૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૮૩૦૦ |
| દાગીના-બીઆઇએસ હોલમાર્ક | ૧૪૨૬૭૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૫૫૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૦૦૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૦૨૩૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| ક્પાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| ક્પાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| ક્પાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂ.** | | ૭૫/૩૬ '' | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૫૦/૩૬ '' | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

# સંરક્ષણ નિકાસમાં ભારતનો નવો રેકોર્ડ: 28માંથી બીજા સ્થાને પહોંચ્યું

**યુરોપમાં** ભારતીય દારૂગોળાની માગમાં 1600 ટકાનો ઉછાળો

**નવી દિલ્હી, તા. 24:** યુરોપના સંરક્ષણ બજારમાં ભારતની વધતી હાજરી દેશના ઉભરતા સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રનું નવું ચિત્ર રજૂ કરી રહી છે. ફેબ્રુઆરી 2022માં શરૂ થયેલા રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધ પછી, પુર્વ અને મધ્ય યુરોપના ઘણા દેશોમાં દારૂગોળાની માગમાં તીવ્ર વધારો થયો છે. આ માગ વચ્ચે ભારતીય સંરક્ષણ કંપનીઓએ પણ પોતાની પહોંચ વધારી છે.

એક આંકડા અનુસાર યુરોપિયન દેશોના ભારતની પસંદગીના દારૂગોળા અને સંબંધિત ઉત્પાદનોની નિકાસમાં ચાર વર્ષમાં 1600 ટકાથી વધુની વૃદ્ધિ નોંધાઇ છે. આ સમયગાળા દરમ્યાન, ભારત આ ઉત્પાદનોના સપ્લાયર્સની યાદીમાં 28માં સ્થાનેથી બીજા સ્થાને પહોંચી ગયું છે. બ્લુમબર્ગ ન્યુઝના રિપોર્ટમાં ટ્રેડ ડેટા મોનિટરના ડેટાને ટાંકીને કહેવામાં આવ્યું છે કે રશિયાના યુક્રેન પર આક્રમણ પછીના ચાર વર્ષમાં ભારતીય કંપનીઓએ યુરોપિયન દેશોમાં ઓછામાં ઓછા 872 મિલિયન ડોલરના સંબંધિત ઉત્પાદનોની નિકાસ કરી છે. પાછલા ચાર વર્ષમાં આ આંકડો 49.2 મિલિયન ડોલર એટલે કે લગભગ 4.92 મિલિયન ડોલર હતો. આમ, નિકાસ મુલ્યમાં 1600 ટકાથી વધુનો વધારો થયો છે. રિપોર્ટ અનુસાર પુર્વ અને મધ્ય યુરોપના 13 દેશોને આ ઉત્પાદનો સપ્લાય કરનારા દેશોમાં ભારત હવે દક્ષિણ કોરિયા પછી બીજા ક્રમે છે. આ જુથમાં પોલેન્ડ, રોમાનિયા, બલ્ગેરિયા, ક્રોએશિયા, ચેક રિપલ્બીક અને બાલ્ટીક ક્ષેત્રના દેશોનો સમાવેશ થાય છે. ભારતથી યુરોપ જતા ઉત્પાદનોમાં મુખ્યત્વે તોપના ગોળા, મોર્ટાર દારૂગોળો અને વિસ્ફોટકોનો સમાવેશ થાય છે. આ લશ્કરી કામગીરીમાં ઉપયોગમાં લેવાતા મૂળભૂત પરંતુ મહત્વપૂર્ણ પુરવઠો છે. યુદ્ધના લાંબા ખેંચાણને કારણે, યુરોપના ઘણા દેશોએ તેમના લશ્કરી ભંડારને ફરીથી ભરવું પડ્યું છે. આ ક્ષેત્રના કેટલાક દેશોએ યુક્રેનને શસ્ત્રો અને દારૂગોળો પૂરો પાડવામાં પણ ભૂમિકા ભજવી છે. ભારતે લાંબા સમયથી સંરક્ષણ જરૂરિયાતો માટે વિદેશી સપ્લાયર્સ પરની નિર્ભરતા ઘટાડી દીધી છે અને તેઓ ઘરેલું જરૂરિયાતોની સાથે વિદેશી બજારોમાં પણ વધતી તકોએ ભારતીય સંરક્ષણ કંપનીઓ માટે વધારાના વ્યવસાયનો માર્ગ ખોલી દીધો છે. દેશની સંરક્ષણ નિકાસમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઇ છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર નાણાકીય વર્ષ 2025-26માં ભારતની સંરક્ષણ નિકાસ રૂ. 38424 કરોડની વિક્રમી સપાટીએ પોહંચી છે. જે ગત વર્ષે રૂ. 23622 કરોડની હતી. આમ, વાર્ષિક ધોરણે 62.66 ટકાનો વધારો થયો છે.

# 'AI-પ્રૂફ' સેક્ટર્સ પર ભારતનું ધ્યાન : પિયુષ ગોયલ

**ભારતની** યુવા વસ્તી અને પરંપરાગત કૌશલ્યનો વૈશ્વિક સ્તરે લાભ લેવાની વ્યૂહરચના

**આપણી** હસ્તકળા, હાથશાળ...નું સ્થાન એઆઇ લઇ શકતું નથી: વાણિજ્ય મંત્રી

બર્લિન, તા. 24 (PTI) ઝડપથી બદલાઈ રહેલા તક્નિકી માહોલ માટે તૈયારી કરવા અને ભારતને વૈશ્વિક નેતા તરીકે ઊભરી આવવાની તકોનો લાભ લેવા માટે વાણિજ્ય મંત્રાલય એવા વ્યવસાયોની ઓળખ કરી રહ્યું છે જેના પર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ)ની ઓછી અસર થશે. તેમ કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રીએ જણાવ્યું હતું કે, એવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે જ્યાં એઆઇ માનવની જગ્યા લીધા વિના માત્ર કાર્યક્ષમતા વધારી શકે છે, જ્યારે ભારતની કુશળ પ્રતિભાઓના વિશાળ સમૂહ, યુવા વસ્તી અને પરંપરાગત શક્તિઓનો લાભ લઈ શકાય. મંત્રીએ શુક્રવારે જર્મનીમાં ભારતીય વિજ્ઞાન અને તક્નિકી સંશોધકો તથા વિદ્યાર્થીઓને સંબોધિત કરતી વખતે કહ્યું હતું કે, ''મેં મારા મંત્રાલયને એવા વ્યવસાયો પર કામ શરૂ કરવા કહ્યું છે જે એઆઈ-પ્રૂફ છે. આખરે, આપણે એક રાષ્ટ્ર તરીકે કરોડો લોકો માટે આયોજન કરવું પડશે. એવા કયા ક્ષેત્રો છે જ્યાં એઆઈ કાર્યક્ષમતા તો વધારી શકે છે, પરંતુ માનવનું સ્થાન લઈ શકતું નથી.'' આ પહેલના ઉદ્દેશ્ય વિશે પૂછવામાં આવતાં મંત્રીએ કહ્યું હતું કે, ભારત તેની કુશળ પ્રતિભાઓના વિશાળ સમૂહ અને યુવા વસ્તીનો ઉપયોગ કરીને હસ્તકળા, હાથશાળ, રસોઈ કળા અને પ્રવાસન સહિતના ઘણા ક્ષેત્રોમાં વૈશ્વિક નેતૃત્વ લઈ શકે છે. મંત્રીએ કહ્યું કે, આ ક્ષેત્રોમાં પરંપરાગત કૌશલ્ય અને માનવ સર્જનાત્મકતા મહત્ત્વપૂર્ણ બની રહે છે.

# મિડટર્મ ચૂંટણીના બે સપ્તાહ પહેલા અમેરિકાએ કેનેડાના ટેરિફ હળવા કર્યા

**કેટલાક** વિસ્તારોમાં સ્થાનિક દબાણને કારણે આ પગલું લેવાયું હોવાના સંકેત

**ચૂંટણી** સંજોગોને ધ્યાનમાં રાખતા આગામી દિવસોમાં ભારતને પણ રાહત મળવાની આશા

વૉશિંગ્ટન, નવી દિલ્હી, તા. 24: ટ્રમ્પ વહીવટીતંત્રે યુએસ મધ્યસત્ર ચૂંટણીના બે અઠવાડિયા પહેલાં જ કેટલીક કેનેડિયન આયાત પરના ટેરિફ ઉઠાવી લીધા છે, જેમાં કૃષિ સાધનો સાથે જોડાયેલી ચીજવસ્તુઓ પણ સામેલ છે, જ્યારે કેટલીક અન્ય વસ્તુઓ પર નવા કર લાદવામાં આવ્યા છે.

વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે આ રાહતમાં "પ્લાયવુડ શીટ્સ, પેપરની કેટલીક ઉત્પાદિત વસ્તુઓ, ચોક્કસ મશીનરી અને રેફ્રિજરેશન સાધનો" જેવી પ્રોડક્ટ્સ આવરી લેવામાં આવી છે. કાર્પેટ, ચોક્કસ વાલ્વ અને વેસ્ટ પ્રોડક્ટ્સ પરના નવા ટેરિફ ૩૦ ઓક્ટોબરથી લાગુ થશે. આ અંગે રિપબ્લિકન સેનેટર સુઝાન કોલિન્સે જણાવ્યું હતું કે તેમણે એવા ઉત્પાદનો માટે છૂટછાટ "સુનિશ્ચિત" કરી છે જેના પર મેઈનના બ્લુબેરી, બટાકા, સફરજન અને સીવીડના ઉત્પાદકો નિર્ભર છે. તેમણે ઉમેર્યું કે તેમના રાજ્યના ઘણા ખેડૂતો એવા વિશિષ્ટ સાધનો અને પેકેજિંગ પર આધાર રાખે છે જે અમેરિકન સપ્લાયર્સ પૂરા પાડી શકતા નથી, અથવા તો ભારે ખર્ચ કર્યા વગર તેમને બદલી શકાય તેમ નથી. આ ચૂંટણી ચક્રની સૌથી રોચક સેનેટ રેસમાં કોલિન્સ ડેમોક્રેટ ટ્રોય જેક્સન સામે છઠ્ઠી ટર્મ માટે ચૂંટણી લડી રહ્યા છે. ૩ નવેમ્બરની ચૂંટણીમાં કોંગ્રેસ પર નિયંત્રણ મેળવવા માટે ડેમોક્રેટ્સને આ સીટ જીતવી જરૂરી છે. મધ્યસત્ર ચુંટણીને બે અઠવાડિયા પહેલા આ નિર્ણય લેવાથી સ્પષ્ટ થઇ ગયું છે કે સ્થાનિક રાજકીય દબાણ અને ચૂંટણી ગણતરીઓનો સામનો કરી રહ્યા હોવાથી તેમજ રિપબ્લીક પાર્ટીના ઉમેદવારોને સખત પડકારને કારણે ટ્રમ્પને ટેરિફમાં છુટછાટ આપવી પડી છે. આવનારા સમયમાં ભારત સાથે અમેરિકાના ટેરિફનો નિર્ણય લેવાનો બાકી છે. જે સ્થિતિ જોવા મળી રહી છે તેને જોતા ભારતના ટેરિફમાં રાહત મળે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે.

# પાકિસ્તાન બેહાલ : ગેસના 1 સિલિન્ડરના ભાવ પહોંચ્યા રૂ. 7000

**પેટ્રોલના** ભાવ 377 રૂપિયા

ઈસ્લામાબાદ, તા. 24: યુદ્ધ અમેરિકા અને ઈરાન વચ્ચે થઈ રહ્યું છે અને પીસાઈ ગયો પાકિસ્તાન. પહેલા શાંતિદૂત બનીને ફરતો હતો અને હવે તે એવો ફસાયો છે કે કૂટનીતિ તો નિષ્ફળ થઈ જ રહી છે, પરંતુ જનતાએ લાકડાં વીણવાની નોબત આવી ગઈ છે. કારણ કે, એક સિલિન્ડરની કિંમત 7000 રૂપિયા સુધી પહોંચી ગઈ છે. જ્યારે ઈંધણનો ભાવ લીટરના 377 રૂપિયા થઈ ગયા છે. અમેરિકાના દબાણ અને સરહદ પર વધતી મુશ્કેલીઓની વચ્ચે પાકિસ્તાન અને ઈરાનના સંબંધોમાં નવી મુશ્કેલીઓ સામે આવી રહી છે. થોડા મહિના પહેલાં સ્થિતિ એવી હતી કે પાકિસ્તાન ઈરાન-અમેરિકા વચ્ચે મધ્યસ્થતા કરાવવા માટે આગળ-પાછળ ફરી રહ્યું હતું, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ચૂકી છે. ખાસ કરીને જ્યારે સાઉદી અરેબિયા અને હૂથીઓ વચ્ચે અલગ જ મોર્ચો ખુલી ગયો, ત્યારે પાકિસ્તાનને સમજ જ ન પડતી કે તે કઈ તરફ જાય. આ દરમિયાન સાઉદી અરેબિયા સાથેની મિત્રતા નિભાવવાના ચક્કરમાં પાકિસ્તાને તેની ઈરાન બોર્ડર બંધ કરી દીધી અને વેપાર પર ખૂબ જ માઠી અસર પડી. પહેલા તો ઈરાને આ વાતચીતથી ઉકેલવાની વાત કરી હતી, પરંતુ હવે તેણે ઈરાનથી આવતી રસોઈ ગેસ (એલપીજી)ની સપ્લાય રોકી દીધી છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનની જનતાની રસોઈમાં મોંઘવારીની આગ લાગી ગઈ છે. ઈરાન તરફથી એલપીજી બંધ થવાથી પાકિસ્તાનમાં સંકટ ઘેરાવા લાગ્યું છે.


**પશ્ચિમ રેલવે**

**OHE કામ**

સિનિ. ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (સબ), વેસ્ટર્ન રેલવે, મુંબઈ સેન્ટ્રલ દ્વારા ટેન્ડર નં.: EL-TRD-W-118-26-27-18 તારીખ 19.10.2026થી આમંત્રિત કરવામાં આવે છે. કામનું નામ: OHE મોડિફિકેશનનું કામ (i) નંદુરબાર ખાતે જૂના જર્જરિત FOBના બદલે પ્લેટફોર્મ નં. 2/3 થી લાઇન નં. 9 વચ્ચે નવા FOBની જોગવાઈ અને નવાપુર ખાતે નવો FOB (ii) વેસ્ટર્ન રેલવેના મુંબઈ ડિવિઝનના UDN-JL સેક્શનમાં નંદુરબાર અને ડોંડાઇચા ખાતે હાઇ લેવલ પ્લેટફોર્મ એક્સટેન્શન કામ કરવા બાબતે. કામનો અંદાજિત ખર્ચ: રૂ. 1,12,23,528/- EMD: રૂ. 2,24,500/- ટેન્ડર જમા કરાવવાની તારીખ અને સમય: 13.11.2026ના રોજ 15.00 વાગ્યા સુધી. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 13.11.2026ના રોજ 15.30 વાગ્યે. વધુ વિગતો માટે, કૃપા કરીને www.ireps.gov.inની મુલાકાત લો. 0730

અમને લાઈક કરો : facebook.com/WesternRly

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ**

CIN U40102GJ2003SGC042909

Regd. & Corporate office: "UrjaSadan", Nana Varachha Road Kapodra Char Rasta, Surat 395006

કાર્યપાલક ઇજનેરશ્રી ની કચેરી

કીમ ઔદ્યોગિક (સં. અને નિ.) વિભાગીય કચેરી

૨૨૦ કે.વી. પાસે શાહલોન ટેક્ષટાઈલપાર્ક સામે, કીમ માંડવી રોડ, લીન્દીયાત, તાઃ-માંગરોળ, જીઃ-સુરત ૩૯૪૧૧૦

ડી.જી.વી.સી.એલ.ટોલ ફ્રી નં.૧૯૧૨૩(૧૮૦૦૨૩૩૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા બાબત.

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે ૬૬/૧૧ કેવી સબસ્ટેશન/ફીડર ની સમારકામ ની અગત્યની કામગીરી ના કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખને સમય સુધી વીજપુરવઠો મળી શકશે નહિ.સમારકામ ને લગતી કામગીરી પૂર્ણ થયે કોઈપણ જાતની જાણ કર્યા વગર વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે .જેની નોંધ લઇ સહકાર આપવા વિનંતી છે.

| ક્રમ | સબસ્ટેશનનું નામ | ફિડરોના નામ | સબડીવીઝન નું નામ | ફોલ્ટસેન્ટર નંબર | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૬૬ કેવી દિનોદ | ૧૧ કેવી આકડોદ, બીપીએમ, એસવીએસ, દિનોદ એજી, બોરિદ્ર એજી, કંટવા એજી, ફીડરો | કોસંબા | ૮૯૮૦૮૦૩૮૫૮ | ૨૮.૧૦.૨૦૨૬ / બુધવાર | ૦૭:૦૦ થી ૧૭:૦૦ |

કાર્યપાલક ઈજનેર, કિમ ઔધોગિક વિભાગીય કચેરી

ઈ.એલ.સી.બી /આર.સી.સી.બી.લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

**દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ**

CIN U40102GJ2003SGC042909

વાપી ગ્રામ્ય વિભાગીય કચેરી

બલિઠા બ્રિજ ની પાસે, બલિઠા, વાપી -૩૯૬૧૯૧

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબ-સ્ટેશનમાં તથા ફીડરોમાં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ-સ્ટેશનનો વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૨૦ કે.વી. બલિઠા | ૧૧ કે.વી છીરી | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૨૬-૧૦-૨૦૨૬/સોમવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨ | ૬૬ કે.વી. અંબાચ | ૧૧ કે.વી. પાથરપુજા | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૩૧-૧૦-૨૦૨૬/શનિવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩ | ૬૬ કે.વી. અંબાચ | ૧૧ કે.વી. મુળગામ | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૩૦-૧૦-૨૦૨૬/શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૪ | ૬૬ કે.વી. છીરી | ૧૧ કે.વી રણછોડનગર | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૨૯-૧૦-૨૦૨૬/ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૫ | ૬૬ કે.વી. છીરી | ૧૧ કે.વી કંચનનગર | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૨૮-૧૦-૨૦૨૬/બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૬ | ૬૬ કે.વી. છીરી | ૧૧ કે.વી જે નાન્જી | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૩૧-૧૦-૨૦૨૬/શનિવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૭ | ૬૬ કે.વી. GIDC Ph-2 | ૧૧ કે.વી રામનગર | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૨૬-૧૦-૨૦૨૬/સોમવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૮ | ૬૬ કે.વી. કોચરવા | ૧૧ કે.વી પંડોર | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૨૭-૧૦-૨૦૨૬/મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૯ | ૬૬ કે.વી. કોચરવા | ૧૧ કે.વી રાતા | વાપી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૮ | ૨૮-૧૦-૨૦૨૬/બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |

કાર્યપાલક ઇજનેર, વાપી રૂરલ વિભાગીય કચેરી, બલિઠા.

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

CIN U40102GJ2003SGC042909

સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી

ઊર્જા સદનની સામે, નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત ૩૯૫૦૦૬

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંત ગ્રાહકોને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીનાં કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ અને સમયે વીજપુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈ પણ જાતની જાણ કર્યા વગર વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટસેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. પૂણા | ૨૨ કે.વી. નુતન | યોગીચોક | ૮૯૮૦૮૦૩૮૫૨ | ૨૯.૧૦.૨૦૨૬/ગુરુવાર | ૦૮.૦૦ થી ૧૪.૦૦ |
| ૨ | ૬૬ કે.વી. પૂણા | ૨૨ કે.વી. વલ્લભનગર | યોગીચોક | ૮૯૮૦૮૦૩૮૫૨ | ૨૯.૧૦.૨૦૨૬/ગુરુવાર | ૦૮.૦૦ થી ૧૪.૦૦ |
| ૩ | ૬૬ કે.વી. કોસમાડા | ૧૧ કે.વી ગઢપુર | પાસોદરા | ૬૩૫૭૨૩૧૪૦૯ | ૨૯.૧૦.૨૦૨૬/ગુરુવાર | ૦૯.૦૦ થી ૧૬.૦૦ |
| ૪ | ૬૬ કે.વી. કઠોદરા | ૧૧ કે.વી. કઠોદરા | પાસોદરા | ૬૩૫૭૨૩૧૪૦૯ | ૨૯.૧૦.૨૦૨૬/ગુરુવાર | ૦૯.૦૦ થી ૧૬.૦૦ |
| ૫ | ૬૬ કે.વી. પૂણા | ૨૨ કે.વી. પ્રમુખછાયા | યોગીચોક | ૮૯૮૦૮૦૩૮૫૨ | ૩૦.૧૦.૨૦૨૬/શુક્રવાર | ૦૮.૦૦ થી ૧૪.૦૦ |
| ૬ | ૬૭ કે.વી. પૂણા | ૨૨ કે.વી. નુતન | યોગીચોક | ૮૯૮૦૮૦૩૮૫૩ | ૩૦.૧૦.૨૦૨૬/શુક્રવાર | ૦૮.૦૦ થી ૧૪.૦૦ |
| ૭ | ૬૬ કે.વી લસ કાણા | ૬૬ કે.વી લસકાણાં | લસકાણાં | ૮૯૮૦૦૩૧૬૬૦ | ૨૮.૧૦.૨૦૨૬/બુધવાર | ૦૮.૦૦ થી ૧૪.૦૦ |

કાર્યપાલક ઈજનેર(સં. અને નિ.),સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.